| GJBN060000892026 | | રજુ તારીખ | ૨૯-૦૧-૨૦૨૬ |
|---|---|---|---|
| | | દાખલ તારીખ | ૨૯-૦૧-૨૦૨૬ |
| | | નિકાલ તારીખ | ૦૭-૦૫-૨૦૨૬ |
| | सत्यमेव जयते | અવધિ | વર્ષ-માસ-દિવસ |

**ગારીયાધારના મહે.પ્રિન્સીપાલ સિવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ : ગારીયાધાર**

| | |
|---|---|
| **રેગ્યુલર દિવાની મુકદમા નંબર** | **૩૯/૨૦૨૬** |
| **આંક** | **૨૫** |

| | |
|---|---|
| વાદી | **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**<br>તે ધી ઈન્ડીયન ઈલે.એકટ અન્વયે રચાયેલ,<br>વિદ્યુત કંપની અને તેના નાયબ ઈજનેર થ્રુ<br>ગારીયાધાર સબ ડીવીઝન,<br>**તા.ગારીયાધાર,જિ.ભાવનગર** |
| | **વિરૂધ્ધ** |
| પ્રતિવાદી | **સંગીતાબેન કાનજીભાઈ ધામેલીયા**<br>ઉ.વ.પુખ્ત,રહે.પચ્છેગામ રોડ, ગારીયાધાર,<br>તા.ગારીયાધાર, જિ.ભાવનગર |

**<u>દાવો : રૂ.૩૫,૬૮૭/૮૨ પૈસા વસુલ લેવા અંગે.</u>**

.......................................................................................

વાદી તરફે વિ.વ.શ્રી આઈ.એલ.પરમાર
પ્રતિવાદી તરફે કોઈ નહી.

.......................................................................................

## -: ચુકાદો :-

(૧) આ કામે વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી ગુજરાત ઈલેકટ્રીક ઈન્ડસ્ટ્રીઝ (રી-ઓર્ગેનાઈઝેશન અને રેગ્યુલેશન) એકટ-૨૦૦૩ કાયદેસર રચાયેલ પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. છે અને વાદી કંપની તેની તાબા તળેના નિર્દિષ્ઠ વિસ્તારમાં વિજળીનું વહન, વિતરણ તથા વિજ પુરવઠો પુરો પાડવા સહિતનું વિજ વપરાશ અંગેનું તમામ કામકાજ કરે છે. આ કામના પ્રતિવાદીના વીજ કનેકશનની ચકાસણી વાદી કંપનીના સક્ષમ અધિકારીઓ દ્વારા **તા.૦૩/૦૨/૨૦૨૪** ના રોજ આ કામના પ્રતિવાદીની હાજરીમાં તેઓના

રહેણાંક મકાનમાં વીજ ચેકીંગ કરવામાં આવેલ છે. જેમાં આ કામના પ્રતિવાદી વાદીના ગ્રાહક નથી તેમજ કોઈપણ જાતનું વિજ કનેકશન વાદી કંપની પાસેથી લીધેલ નથી. તેમ છતાં આ કામના પ્રતિવાદી સદર સ્થળ પર ઘરવપરાશના ઉપયોગ માટે ગેરકાયદેસર રીતે વાયર જોડીને બિન અધિકૃત રીતે વાદી વીજ કંપનીના વીજ લાઈનના પોલ ઉપરથી ડાયરેકટ વાયર નાખી બીનઅધિકૃત વિજ વપરાશ કરતાં હોવાનું માલુમ પડેલ છે. જેથી આ કામના પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે ઘરવપરાશ માટે વિજ પાવરનો ચોરી કરીને ઉપયોગ કરેલ છે. જેથી આ કામના વાદી કંપનીએ નિયમ મુજબ આ કામના પ્રતિવાદી પાસે પાવર ચોરી વીજળી બીલનાં તથા મીનીમમ ચાર્જનાં નીચે મુજબના બાકી લેણા રહે છે.

| | |
|---|---|
| એનર્જી ચાર્જીસની રકમ રૂ. | **૨૭૩૧૩/૭૧** |
| ડી.પી.સી. રકમ રૂ. | **૮૩૭૪/૧૧** |
| કુલ રકમ રૂ. | **૩૫૬૮૭/૮૨** |

આમ, ઉપરોકત રકમ વાદી કંપનીના પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે અને સદરહું વાદીની રકમની વાદી કંપનીએ પ્રતિવાદી પાસે અનેકવાર ઉઘરાણી કરવા છતાં, નોટીસ આપેલ હોવા છતાં સદરહુ રકમ આ કામના પ્રતિવાદીએ વસુલ આપતા નથી. જેથી વાદી કંપનીએ ઉપરોકત જણાવેલ કુલ રકમ ઉપર વાર્ષિક ૧૮% ના વ્યાજ લેખે દાવા તારીખથી વસુલ થતાં સુધી વ્યાજ સહીતનું પ્રતિવાદીની જાત તથા તમામ મિલકતથી વસુલ થઈ શકે તેવુ વાદી કંપનીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂદ્ધમાં હુકમ તથા હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

(૨) આ કામે કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, પ્રતિવાદીને દાવાનો સમન્સ ધોરણસર બજ ગયેલ છે. આમ, પ્રતિવાદીને દાવાનો સમન્સ બજી જવા છતાં આજદિન સુધી તેઓ જાતે કે વકીલશ્રી મારફત હાજર રહેલા નથી કે તેઓ તરફે કોઈ મુદત રીપોર્ટ કે રજુઆત પણ થયેલ નથી. આથી, આ કામના પ્રતિવાદીનો જવાબનો હકક બંધ કરી કામ એકતરફી ચલાવવાનો હુકમ **આંક-૭** થી કરવામાં આવેલ છે.

(૩) આ કામે દાવાનો ન્યાયિક-નિર્ણય કરવા સારુ **આંક-૮** થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

| | |
|---|---|
| ૧. | શું વાદી કંપની પુરવાર કરે છે કે, તેઓ વિજ–પુરવઠો સપ્લાય કરવાનું કામ કરે છે અને પ્રતિવાદી પાસેથી બિનઅધિકૃત વિજ–વપરાશ ચોરીના **રૂ.૩૫,૬૮૭/૮૨** પૈસા બાકી લેણા તથા તમામ ખર્ચ સહિત વસુલ મેળવવા હકકદાર છે ? |
| ૨. | શું વાદી પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો, કેટલા દરથી ? |
| ૩. | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| ૪. | શું હુકમ ને હુકમનામુ ? |

(૪) ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | અંશતઃ હકારમાં. |
| ૨. | અંશતઃ હકારમાં., દાવા તારીખથી વસૂલ થતાં સુધી, વાર્ષિક **૬% લેખે.** |
| ૩. | અંશતઃ હકારમાં. |
| ૪. | આખરી હુકમ મુજબ |

(૫) ત્યારબાદ, આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવા :–</u>**

| **અનુ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | વાદી ભુમીબેન રણજીતભાઇ સોની, નાયબ ઇજનેર, ગારીયાધારનું સોગંદનામુ | **૧૦** |

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

| **અનુ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર | **૧૧** |
| ૨. | ચેકીંગ શીટ | **૧૩** |
| ૩. | રોજકામ | **૧૪** |
| ૪. | એનેક્ષર–૪ | **૧૫** |
| ૫. | એસેસમેન્ટ | **૧૬** |
| ૬. | પુરવણી બીલ | **૧૭** |
| ૭. | બીલ | **૧૮** |

| | | |
|---|---|---|
| ૮. | એફ.આઇ.આર. નોંધવા ફરીયાદ | **૧૯** |
| ૯. | લેજર શીટ | **૨૦** |
| ૧૦. | પરમીશન | **૨૧** |
| ૧૧. | નોટીસ | **૨૨** |
| ૧૨. | પ્રફોર્મા નં.૧૨ | **૨૩** |

(૬) આ કામે વાદી તરફે **આંક–૨૪** થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. આ કામે પ્રતિવાદી તરફે એકતરફી હુકમ થયેલ હોય, પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો કે દલીલ રજુ કરવામાં આવેલ નથી. વાદી તરફે વિ.વ.શ્રી આઈ.એલ.પરમાર ની દલીલો સાંભળી આ કામ હુકમ ઉપર રાખવામાં આવેલ છે.

**<u>–: કારણો :–</u>**

(૭) ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે અતૂટ રીતે સંકળાયેલા હોઈ, પુરાવાની પુન:ચર્ચા ટાળવાના હેતુથી તમામ મુદ્ધાઓના નિર્ણયોના કારણોની ચર્ચા એકસાથે કરેલ છે.

૭.૧) આ કામે વાદીએ **રૂ.૩૫,૬૮૭/૮૨ પૈસા** વસુલ મેળવવા માટે હાલનો દાવો પ્રતિવાદી સામે દાખલ કરેલ છે. વાદીએ **આંક–૧૦** થી પોતાના સાહેદ તરીકે ભુમીબેન રણજીતભાઈ સોની, નાયબ ઈજનેર ને તપાસેલા છે, જેઓએ દાવા અરજી મુજબની હકિકતો પોતાના સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે. સદર સાહેદની પ્રતિવાદી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી તેમજ વાદીના મૌખિક પુરાવાનું ઉલટ તપાસના માધ્યમથી પ્રતિવાદી તર્ફે કોઈ ખંડન કરવામાં આવેલ નથી. વધુમાં વાદી તરફે **આંક–૧૩ થી આંક–૨૩** સુધી દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે આ તમામ દસ્તાવેજોને વાદીના સાહેદે પોતાના સરતપાસના સોગંદનામાથી રીફર કરેલ છે. વધુમાં વાદી સાહેદ ધ્વારા **આંક–૧૧** થી ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે જે મુજબ સદર કામે જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે અને તેમાં જે બાબતો જણાવવામાં આવેલ છે તે જેન્યુઈન હોવાનું જણાવી તે દસ્તાવેજી પુરાવાઓને પુરાવામાં ગ્રાહાતા બાબતે તે પ્રમાણપત્રમાં વાદીના સાહેદશ્રી બી.આર.સોની નાઓએ પોતાની સહી કરી રજુ

કરેલ છે, જેથી સદર કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પ્રોપર કસ્ટડીમાંથી રજૂ થયેલ છે અને જેન્યુઈન હોવાનું જણાઈ આવે છે.

**૭.૨)** આ કામે રજુ થયેલ દસ્તાવેજોની સત્યતાનું ખંડન કરવા સારુ પ્રતિવાદી હાજર થયેલ નથી, પ્રતિવાદી ધ્વારા દાવાનો જવાબ આપવામાં આવેલ નથી, વાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી કે પ્રતિવાદી તર્ફે પોતાનો કોઈ હકારાત્મક પુરાવો આપવામાં આવેલ નથી. વધુમાં જો વાદીની લેણી નીકળતી રકમ પ્રતિવાદીએ ભરપાઈ કરી દીધેલ હોય તો તેઓએ હાજર થઈ આવી હકિકત અત્રેની કોર્ટના ધ્યાન પર લાવવી જોઈતી હતી,પરંતુ આમ બનવા પામેલ નથી. આમ, સદરહુ દસ્તાવેજોને ધ્યાને લેતાં એ હકિકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે, પ્રતિવાદીએ વાદી કંપનીની લેણી રકમ ભરપાઈ કરેલ નથી. જેથી વાદી કંપની પ્રતિવાદી પાસેથી લેણી રકમના ડીલે પેમેન્ટ ચાર્જીસ સહિતના **રૂ.૩૫,૬૮૭/૮૨ પૈસા** વસુલ મેળવવા હકકદાર છે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. આમ, વાદી યોગ્ય રીતે પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. આમ, ઉપરોકત ચર્ચા મુજબ વાદી દાવા અરજીમાં માગ્યા મુજબનો ડી.પી.સી.ચાર્જ બિલની રકમ સહિતની બિલની તારીખથી દાવા દાખલ તારીખ સુધીનો મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં સફળ નિવડેલ હોવાનું માની મુદ્દા નં.(૧) નો જવાબ "હકારમાં" આપુ છું.

**૭.૩)** મુદ્દા નં.(૨) મુજબ વાદીએ દાવા તારીખથી વાદગ્રસ્ત લેણું તેઓ પ્રતિવાદીની જાત, જંગમ તથા સ્થાવર મિલ્કતમાંથી વસુલ મેળવે ત્યાં સુધીનું વાર્ષિક ૧૮% લેખે વ્યાજની માગણી કરેલ છે, જેના અનુસંધાને રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો વ્યાજ સંદર્ભે વાદી એ જે ૧૮% ના વ્યાજની માંગણી કરેલ છે તે સી.પી.સી.ની જોગવાઈ તથા પ્રવર્તમાન વ્યાજદરને ધ્યાને લેતાં તે અતિશય વધારે છે અને તેના કારણે પ્રતિવાદીને અન્યાય થાય તેમ છે અને તેથી સીવીલ પ્રોસીજર કોડની કલમ-૩૪ મુજબ આ કામના વાદી વાર્ષિક ૬% લેખે પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર છે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. આમ, મુદ્દા નં.(૨) પુરવાર કરવામાં વાદી અંશત: સફળ રહેલ હોઈ, મુદ્દા નં.(૨) નો જવાબ ''અંશત: હકારમાં'' આપુ છું.

**૭.૪)** આમ, ઉપરોકત કરવામાં ચર્ચા મુજબ વાદી કંપની પ્રતિવાદી પાસેથી ડીલે પેમેન્ટ ચાર્જીસ સહિતની બિલની રકમ ઉપરાંત દાવા તારીખથી સદરહુ રકમ

વસુલ મળે ત્યાં સુધી વાર્ષિક ૬% લેખે વ્યાજ મેળવવા હકકદાર હોવાનું પુરવાર થયેલ હોઈ તેમજ વાદીના પુરાવાને પ્રતિવાદી તર્ફે ચેલેન્જ કરવામાં આવેલ ન હોઈ, મુદ્દા નં.(૩) નો જવાબ પણ તે રીતે ''અંશત: હકારમાં'' આપી, મુદ્દા નં.(૪) પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવું છું.

**–: હુકમ :–**

(૧) વાદીનો દાવો આથી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના વાદી પ્રતિવાદી પાસેથી **રૂ.૩૫,૬૮૭/૮૨ પૈસા** વાર્ષિક **૬%** ના વ્યાજ સહીત રકમ વસુલ થાય ત્યાં સુધી પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હકકદાર થાય છે તેવો હુકમ કરવામાં આવે છે. વધુમાં વાદી સદરહું રકમ પ્રતિવાદીની જાત, માલ મિલકતમાંથી વસુલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) આ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ વાદીને વસુલ આપવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ–૦૭, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૭/૦૫/૨૦૨૬
સ્થળ : ગારીયાધાર

(હિતેષકુમાર રસીકલાલ ઠકકર)
પ્રિન્સીપાલ સિવિલ જજ
ગારીયાધાર
Code No.GJ01448

*S.J.Joshi*